ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૫/૨૦-૨૧/ 765 તારીખ : 0 3 MAR 2021

કેસ ન. ૮૫/૨૦-૨૧

પ્રતિશ્રી,
બાંભણીયા માવજીભાઈ ભીમાભાઇ,
છતરીયા ડીહાયડ્રેશન સામે,
જનક ડીહાયડ્રેશન પાસે,
ગામ : નેસવડ, તા. મહુવા,
જી. ભાવનગર.
**મો : ૯૫૧૦૧ ૫૭૮૧૫**

**વિષય : ઘર વપરાશના બીલના ૧૫ નંબરના પ્રોફોર્મામાં મુજબ ગણતરી કરી હપ્તા કરી બીલ આપવા બાબત .**

**સંદર્ભ** : આપનો પત્ર તા. ૦૧.૦૨.૨૧,

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

૧) અધિક્ષક ઈજનેરશ્રી, પીજીવીસીએલ,વર્તુળ કચેરી, **ભાવનગર**. જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.
૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, **મહુવા.**
૩) નાયબ ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., પેટા વિભાગીય કચેરી, **ગ્રામ્ય-૧ મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૮૫/૨૦-૨૧ નો હુકમ**

વાદી **બાંભણીયા માવજીભાઈ ભીમાભાઇ, બગદાણા,** દ્વારા તેમના ઘર વપરાશના મોટી રકમના બીલની પ્રફોરમાં ૨૫ મુજબ બીલ ની બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર નં ઝેડ/ફોરમ /૯૨/૨૦-૨૧/૪૬૩ તા.૦૫.૦૨.૨૧ થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને વાદીની ફરિયાદને ધ્યાને લઇ પ્રતિવાદીની ગ્રામ્ય-૧ પેટા વીભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા જરૂરી તપાસ કરી વાદીના ઘર વપરાશના વીજ કનેક્શનના બીલ અંગે જરૂરી કાર્યવાહી કરી તથા બાકી બીલ રકમના ૧૦ હપ્તા કરી આપેલ છે. અને વાદીની ફરિયાદ નું નિરાકરણ કરી આપેલ છે. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવામાં આવેલ છે

આમ, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તથા પત્ર ન. ૧૪૭૮ તા. ૨૪.૦૨.૨૧ તેમજ વાદી દ્વારા પણ તેમના લેખિતમાં તા. ૨૨.૦૨.૨૧ના પત્રથી જણાવેલ છે કે તેમની ફરિયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથી, આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ વાદીની ફરિયાદનો ગુજરાત વીજ નીયત્રક આયોગના નોટીફીકેશન ન. ૨/૨૦૧૯ના ક્લોઝ ન. ૨.૭૧ મુજબ નિરાકરણ કરવામાં આવેલ હોઈ, વાદીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી જે. એમ. મેહતા) | (પી. એન. આજકીયા) | (એમ. આર. વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર. |

તારીખ : ૨૬.૦૨.૨૦૨૧.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar